RNI NO. GUJGUJ/2015/64872

# ધી ઓપન પેજ

SINCE - 1968

વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામાયિક

Vol.No-3, Issue No-3 TOTAL PAGE-4 Ahmedabad, Thursday 05/10/2017

# સમસ્ત વિશ્વના પ્રેરણા સ્ત્રોત: ગાંધીબાપુ



આજકાલ બહુ ઝડપથી બોલી નાખવાનો, લખી નાખવાનો અને પછીથી સઘળુ ભૂલી જવાનો યુગ છે. ત્યારે મન,વચન, કર્મની એકસૂત્રતા ધરાવતો માણસ, માણસ નહી પણ મહામાનવ ગણાવવો જ જોઇએ અને એટલે જ કદાચ આલ્બર્ટ આઇન્સ્ટાઇને કરેલી વાત "હાડમાંસનો બનેલો આવો એક મનુષ્ય પૃથ્વી પર અવતર્યો હતો એવું આવનારી પેઢી ભાગ્યે જ માનવા તૈયાર થશે"

ગાંધીજી માત્ર ગુજરાત કે ભારતનાં જ નહીં સમસ્ત વિશ્વનાં રોલ મોડેલ ગણી શકાય તેટલી શક્તિ ધરાવતા મહા માનવ હતાં.

આજના યુવાનોએ જો સમગ્ર જગતને જીતવું હોય તો તેનામાં પહેલી આવડત વાણી કૌશલ્ય, વાણી સંયમ અને વાણી-કર્મની એક સૂત્રતા હોવી જોઇએ. ગાંધીજીની વાણીમાં કાયમ માટે તેનાં જીવન સાથે વણાઇ ગયેલા અગિયાર જીવન સૂત્રો સત્ય, અહિંસા, ચોરી ન કરવી, અપરિગ્રહ, બ્રહ્મચર્ય, સ્વાવલંબન, અસ્પૃશ્યતા, અભય, સ્વદેશી, સ્વાર્થ ત્યાગ અને સર્વ ધર્મ સમાનતા ઝળકતા અને તેના કારણે જ તેમને સાંભળવા, સમજવા અને જીવનમાં ઉતારવા માત્ર ભારતીયો જ નહીં પણ વિદેશીઓ પણ તત્પર રહેતા – રહે છે અને રહેશે. બહોળું જ્ઞાન, વાંચન અને લેખન શક્તિનો અનુભવ ધરાવતા હોવા છતાં તેમણે ક્યારેય વાણી વિલાસ કર્યો નથી. અંગ્રેજો આ દેશ પર રાજ કરતાં હતાં અને આપણી પ્રજાને ગુલામ બનાવીને રાખતાં હોવા છતાં ગાંધીજીએ ક્યારેય તેમની વિરૂદ્ધમાં રાજકારણમાં વપરાઇ રહી છે તેવી અભદ્ર ભાષાનો પ્રયોગ ક્યારેય કર્યો નહોતો. આ ઉપરાંત તેમનાં મન-વચન અને કર્મની એક સૂત્રતા તેમના દ્વારા કહેવામાં આવેલા એક જ વાક્યમાં સમાઇ જાય છે. – "મારુ જીવન એજ મારો સંદેશ."

પ્રવર્તમાન યુવા પેઢી જગતને બદલવા માટે કાયમ તત્પર રહે છે. તેઓ દ્વારા મુકવામાં આવતાં ફેસબુક કે વ્હોટસએપનાં વાક્યો ઝંઝાવાતી અને પ્રેરણાદાયી જણાય છે. પરંતુ જગત બદલવાની શરૂઆત સ્વયંમથી થાય છે. એ નાની વાત તેઓ સમજતા નથી. ત્યારે ગાંધી ચીંધ્યો માર્ગ Be the change thet you wish to see in the word તેમના માટે આદર્શોની પાઠશાળા જેવો છે. નાનપણનાં સાવ સામાન્ય મોહનમાંથી મહાત્માની સફર સુધીમાં ગાંધીજી કેટલા બદલ્યા અને પછી તેમણે આખા દેશને બદલ્યો. આખાયે દેશને અહિંસા અને સત્યાગ્રહનો બોધપાઠ ભણાવનાર ગાંધીજી પહેલા પોતે આ બે સિદ્ધાંતોએ જીવ્યા હતાં અને પછી તેમણે કહ્યાં હતાં. કોઇ ફિલ્મી હિરોની નકલ કરતાં કે ક્રિકેટર્સને આદર્શ માનતાં આપણે સૌ તેઓ ત્યાં પહોંચ્યાં ત્યાં સુધીની મહેનતને જાણવાની ક્યારેય કોશિશ સુદ્ધા કરતાં નથી. ગાંધીજી જ્યારે દક્ષિણ આફ્રિકાથી પરત ફર્યા ત્યાર પછી તેમણે સમગ્ર દેશમાં પરિભ્રમણ કરી પરિસ્થિતિનો તાગ લઇને પછી અંગ્રેજોને દેશમાંથી હટાવવાનું બીડું ઝડપ્યું અને એટલે તેઓ સફળ થયાં. પૂર્વ આયોજન એ ગાંધીજીનાં જીવનનો એક ખૂબ મોટો હિસ્સો હતો.

નાની નાની વાતમાં ધીરજ ગુમાવી દેતા અને કોઇના પ્રભાવમાં આવીને પોતાનાં જીવનનો યે ત્યાગ કરી દેતાં આજનાં બાળકોએ ગાંધીજીનાં જીવનમાંથી શીખ લેવા જેવી છે. ક્યારેય હાર નહી માનવાની અને કોઇનાયે ખોટા પ્રભાવમાં નહીં આવવાની. કેટલીયે વાર જેલમાં પુરાયા, જીંદગીનાં અમૂલ્ય વર્ષો અંગ્રેજી હુકુમત સામે લડવામાં કાઢતી વખતે કે કેટલાય પ્રયોગોમાં નિષ્ફળતા મળ્યાં બાદ પણ ગાંધીજીએ પ્રયત્નોમાં ક્યારેય પાછી પાની કરી નહોતી. આઝાદી મળવામાં થનાર વિલંબે ઘણાં ક્રાંતિવીરોનો માર્ગ ફંટાવી દીધો અને તેમાંથી કેટલાક હિંસાનાં માર્ગે વળતાં પોતાનો પણ જીવ ગુમાવી બેઠાં જ્યારે ગાંધીજી અફર અને અડગ રહ્યાં છેક સુધી જીવ્યાં અને દેશને આઝાદી અપાવીને જ ઝંપ્યાં.

મોબાઇલ યુગનાં માનવીઓ બહુ ઝડપથી એકબીજાથી વિમુખ થતાં જાય છે. ત્યારે બધાને સાથે લઇને ચાલવા વાળાની સંખ્યા ઘટતી જાય છે. ટોળાશાહી વધી રહી છે. જ્યાં લોકોને દોરવાનાં બદલે ગુમરાહ કરવાનું કામ વધુ થાય છે. ત્યારે ગાંધીજીએ કરેલી દાંડીકૂચ એ વિશ્વનાં શ્રેષ્ઠ દસ સત્યાગ્રહ પૈકીનો એક સત્યાગ્રહ ગણાય છે. એનું મુખ્ય કારણ લોકોને આગળ કરવાની અને સાથે લઇને ચાલવાની વાત કરી હતી. ગાંધીજી દેશનાં રાષ્ટ્રપિતા થયાં પણ લોકોથી ક્યારેય વિમુખ થયાં નહોતાં. તેમને લોકોથી અંતર રાખવાના બદલે લોકોનાં પ્રેમને અંતરમાં રાખવાનું વધુ ગમતું હતું. આજના નેતા, લોકો, કોર્પોરેટર્સ અને તમામ પ્રોફેશન સાથે જોડાયેલા લોકોએ આ વસ્તુ શીખવા જેવી છે. સૌનો સાથ સૌનો વિકાસ સૂત્ર ભલે ગમે તે રાજકીય પક્ષે આપ્યું હોય પણ તેની અમલવારી કોઇપણ જાતનાં સૂત્ર વગર ગાંધીજીએ કરી હતી.

શક્તિ અને વ્યક્તિત્વની ખરી આભા બાહ્ય શરીર કરતા અંદરનાં મનોબળમાં રહેલી છે. તેવું સાબિત કરનારા કેટલાક શ્રેષ્ઠીઓમાં પણ ગાંધીજી અવ્વલ નંબરે ગણાય. સાવ સુકલકડી દેખાવ, પોતડીનો પહેરવેશ અને છતાં અંગ્રેજોને ધ્રુજાવવાનું કામ કરનારા ગાંધીબાપુ પાસેથી ગોરી ચામડી, અંગ્રેજી ભાષા અને સતત પોતાનાં દેખાવને જ પ્રાધાન્ય આપતી આજની પેઢીને ઘણું શીખવા જેવું છે.

સતત આનંદમાં રહેવું અને સકારાત્મક રહેવાની ગુણવત્તાએ પણ ગાંધીજીને મહાત્મા બનાવવામાં ખૂબ મોટો ફાળો આપેલો. ગાંધીજી તેના જ્ઞાનથી ક્યારેય ભારેખમ બન્યા નહોતા. ઉલટાનું તેમનું જ્ઞાન જ તેમને હળવાફૂલ બનાવતું હતું. જીવનની નાની નાની વાતોમાંથી આનંદ મેળવી લેવાની તેમની વિનોદવૃત્તિ તથા ગમેતેવી ભીષણ પરિસ્થિતિમાં પણ મરક મરક થવાની તેમની સ્થિત પ્રજ્ઞતા જ તેમને આ દેશનાં જ નહીં જગતનાં સર્વશ્રેષ્ઠ વ્યક્તિની યાદીમાં સ્થાન અપાવે છે.

*જીવન પારસમણિ બને જો થાય ગાંધી વિચારનો સ્પર્શ*
*ઉર્જા એમની પ્રસરી કેટલે એ માપવા ટૂંકુ પડે પ્રકાશવર્ષ*
*ગાંધી ભારત વર્ષના લોકોનાં હૃદયમાં કાયમ રહેશે*
*અવિરત, અચળ, અથાક, અવિસ્મરણિય આદર્શ*



**ધર્મેન્દ્ર કનાલા**
ટ્રસ્ટી, રાજુલા

## "ઓપન પેજ તરફથી દિપાવલીની હાર્દિક શુભકામનાઓ"

*ભારત ભૂમિ પ્રેમ, રોશની અને તેજસ્વીતાની ધરતી છે. આ દેશ રંગબેરંગી તહેવારોની જાદુઇ નગરી છે. દિવાળી તેમાંનો એક એવો તહેવાર છે જે રોશની ફેલાવે છે. અને દેશભરમાં ઉત્સાહ અને ઉલ્લાસથી ઉજવવામાં આવે છે. 'ઓપન પેજ' ના સર્વે વાંચકોને મારા તરફથી દિપાવલીની હાર્દિક શુભકામનાઓ પાઠવું છું.*

**સૌને પ્રેમ,**
**મુખ્ય સંપાદક**
**અર્ચિત ભટ્ટ**



# ગુજરાતની ચૂંટણીમાં VVPATથી મતદાન, કેવી રીતે કરે છે કામ?



### ઉમેદવાર ઇચ્છે તો પેપર ટ્રેલ કાઉન્ટિંગ કરાવી શકે

મશીન પર નોંધાયેલા વોટની પ્રિન્ટઆઉટ આપે છે. કોઇપણ વિવાદની સ્થિતિમાં આ પેપર ટ્રેલનો ઉપયોગ કરાઇ શકે છે. ચૂંટણી અધિકારીએ જણાવ્યું હતું કે, કાઉન્ટિંગ નિયમોમાં પહેલાથી જ એ સુવિધા છે કે જો ઉમેદવાર પરિણામથી સંતુષ્ટ ન હોય તો, પેપર ટ્રેલ કાઉંટ કરાવડાવી શકે છે.



**સાભાર** https://www.divyabhaskar.co.in/news/MGUJ-AHM-c-69-first-time-vvpat-voting-in-gujarat-assembly-election-know-how-to-use-NOR.html?ref=fbo

### શું છે VVPAT મશીન?

વોટિંગ સમયે વોટર્સને ફીડબેક આપવાની આ એક રીત છે. આ રીતે ઇવીએમમાંથી પ્રિન્ટરની જેમ એક પ્રકારનું મશીન એટેચ કરવામાં આવે છે. વોટ આપ્યા બાદ ૭ સેકન્ડ પછી તેમાંથી એક રસીદ નીકળે છે. તેના પર સીરિયલ નંબર, નામ અને તમે જે કેન્ડિડેટને વોટ આપ્યો હોય તેનું ઇલેકશન સિમ્બોલ હોય છે.

### કેવી રીતે કરે છે VVPAT મશીન?

**વોટર વેરિફિકેશન પેપર ઓડિટ ટ્રેઇલ VVPAT**



યુનિટમાં જ્યારે મતદાર મત આપવા માટે બટન દબાવે છે, ત્યારે તેમાં એક "બેલેટ સ્લીપ" તૈયાર થાય છે. જે મતદારને સ્ક્રીન ઉપરની વિન્ડોમાં દેખાય છે. ત્યારબાદ તે સ્લીપ સીલબંધ ડ્રોપ બોક્સમાં પડી જાય છે. તેનાથી મતદાર કન્ફોર્મ થયા છે કે તેણે આપેલો વોટ યોગ્ય જગ્યાએ પડ્યો છે કે નહીં. બટન દબાવવા અને વોટ ડ્રોપ બોક્સમાં પડે તે પ્રક્રિયામાં ૭ સેકન્ડનો સમય લાગે છે. વોટરને તે આપવામાં આવતી નથી.



**હર્ષ સોની**
શિક્ષક, મોડાસા

# ભારતનું અણમોલ રત્ન : લાલબહાદુર શાસ્ત્રી

ઘણાં વર્ષો પહેલાંની આ વાત છે. એક દિવસ એક દંપતી સાડી લેવા દુકાને જાય છે. દુકાનદાર આવનાર વ્યક્તિને ઓળખી જાય છે. આથી મીઠો અવકાર આપી દુકાનમાં રહેલી મોંઘામાં મોંઘી સાડીઓ બતાવવા લાગે છે. ત્યારે સાડી લેવા આવેલ સજ્જન દુકાનદારને કહે "ભાઇ, તારી દુકાનમાં સસ્તામાં સસ્તી સાડી હોય તે બતાવ" આ સાંભળી દુકાનદાર કહે : "આ સાડીઓમાંથી આપને જે પસંદ પડે તે લઇ લ્યો હું આપને સાડી ભેટમાં આપવા ઈચ્છુ છું. આપે એક પણ રૂપિયો ચૂકવવાનો નથી" સજ્જને કહ્યું. "ભાઇ મારે મફતનું કંઇ લેવું નથી તારી પાસે સસ્તી સાડી હોય તો બતાવ, નહિતર હું બીજી દુકાને જાઉં" આ સાંભળી દુકાનદારે સસ્તી સાડીઓ બતાવી. અને આ દંપતીએ સસ્તી સાડી પસંદ કરી પૈસા ચૂકવી દીધા. આ સમયે દુકાનદારે કહ્યું 'આપને હું એક સવાલ પૂછી શકું?' સજ્જને કહ્યું 'પૂછો, શુ પૂછવું છે?' દુકાનદારે કહ્યું "હું આપને ઓળખું છું આપ દેશનાં વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીજી છો. આપ વડાપ્રધાન થઇને આપના પત્નીને સસ્તી સાડી કેમ લઇ આપો છો?" ભારતનાં આ વડાપ્રધાને ખૂબ સરસ જવાબ આપતા કહ્યું "હું ભારત જેવા ગરીબ દેશનો વડાપ્રધાન છું. મને કે મારી પત્નીને મોજ-શોખ ન પાલવે. ગરીબ પ્રજા જેટલી સાદગીથી જ અમારે પણ રહેવું જોઇએ."

## 'જય જવાન જય કિસાન'

**લાલબહાદુર શાસ્ત્રી દેશનાં બીજા વડાપ્રધાન તરીકે તા. ૨-૬-૧૯૬૪નાં રોજ શપથ લીધા.**

**સ્વાતંત્ર્ય સંગ્રામમાં ઇ.સ. ૧૯૩૦ થી ૧૯૪૫ સુધીમાં સાત વાર જેલ યાત્રા ભોગવી. આ વર્ષોમાં બધા મળીને નવ વર્ષ જેલમાં વિતાવ્યા હતાં.**

**લાલબહાદુર શાસ્ત્રીને ૧૯૬૬માં ભારત રત્ન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતાં.**



મિત્રો, વડાપ્રધાન બન્યા પછી પણ સાદગીને પોતાનું ઘરેણું માન્યું હતું. એવા ભારતનાં વીર સપૂત લાલબહાદુર શાસ્ત્રીનો જન્મ ૨જી ઓક્ટોબર ૧૯૦૪નાં રોજ વારાણસીથી સાત માઇલ દૂર આવેલ તેમના મોસાળ મુગલસરાઇ ગામે થયો હતો. તેમના પિતાજી શારદાપ્રસાદ શ્રીવાસ્તવ સદગુણી શિક્ષક હતાં. તેમના માતૃશ્રી રામદુલારીદેવી અત્યંત ધાર્મિક હતાં. તેમને ભગવાનમાં અતૂટ શ્રદ્ધા હતી. તેમને બે બહેનો હતી.

લાલબહાદુર શાસ્ત્રીનું બાળપણ ખૂબ ગરીબીમાં વીત્યું શાસ્ત્રીજી દોઢ વર્ષનાં થયા ત્યારે તેમના પિતાશ્રીનું અવસાન થતાં પરિવાર નિરાધાર થયો. આથી શાસ્ત્રીજીનાં નાનાશ્રી હજારીપ્રસાદ તેમના પરિવારને મુગલસરાઇ લઇ ગયા. વિધવા દીકરી અને તેમના સંતાનોને ઓછુ ના આવે એવી રીતે હજારીપ્રસાદ સૌની ખૂબ કાળજી લેતા હતાં.

મામાને આશ્રયે જીવન નિર્વાહ કરનાર લાલબહાદુરને સાવ નાની ઉંમરે ઘણી સમજણ આવી ગઇ હતી. પ્રાથમિક શાળામાં ખૂબ ખંતથી ભણે. સૌની સાથે હળે મળે અને રમે પણ ખર્ચાળ શોખથી દૂર રહે શાસ્ત્રીજી મેટ્રિકનો અભ્યાસ કરી રહ્યાં હતાં તે સમયની વાત છે. દેશભરમાં ગાંધીજી પ્રેરીત અસહકારની લડત ચાલી રહી હતી. બનારસમાં ગાંધીજીનું ભાષણ હતું. તે સાંભળવા લાલબહાદુર પણ ગયા હતાં. ગાંધીજીએ ભાષણમાં કહ્યું : "સરકારી શાળા-કોલેજોનો વિદ્યાર્થીઓ બહિષ્કાર કરો. આપણને ગુલામ રાખે, આપણા આત્માને ગૂંગળાવી મારે એવી સરકારી કેળવણી આપણે ના જોઇએ – જે મુક્તિ અપાવે તે જ કેળવણી" ગાંધીજીનાં આ શબ્દો લાલબહાદુરનાં હૃદય સોંસરવા ઉતરી ગયાં. તેમણે શાળા છોડવાનો દૃઢ નિર્ણય કર્યો. તેમના શિક્ષક વેણીપ્રસાદ ગુપ્તાએ તેમને ખૂબ સમજાવ્યા પરંતુ નસે નસમાં વહેતી રાષ્ટ્રભક્તિને કારણે તેઓ એકના બે ન થયા. તેમણે વિનય પૂર્વક શાળા છોડી મેટ્રિક ભણીને નોકરી મેળવી પરિવારને ઉપયોગી થવાની ઉંમરે તેમણે અનેક મુશ્કેલીઓ વેઠીને રાષ્ટ્ર માટે જીવન સમર્પિત કરવાનો માર્ગ પસંદ કર્યો. આ નિર્ણયથી પરિવારનાં સભ્યોને થોડું દુઃખ લાગ્યું પરંતુ માતૃભૂમિ માટે ફનાગીરી સ્વીકારવા તૈયાર થયેલા દીકરાને આશીર્વાદ આપ્યા વિના મા ન રહી શકી!

સરકારી શાળાનું શિક્ષણ છોડ્યા પછી લાલ બહાદુર રાષ્ટ્રીય કેળવણીનાં ઉદેશ્યને સિદ્ધ કરવા બનારસમાં સ્થપાયેલ 'કાશી વિદ્યાપીઠ'માં જોડાયા. અહીં ચાર વર્ષ સુધી તેમણે દર્શન શાસ્ત્રનો ખંત પૂર્વક અભ્યાસ કર્યો અને 'શાસ્ત્રી'ની ઉપાધી મેળવી પછી એમની અટક જ 'શાસ્ત્રી' બની ગઇ.

સ્વાતંત્ર્ય સંગ્રામમાં ઇ.સ. ૧૯૩૦ થી ૧૯૪૫ સુધીમાં સાત વાર જેલ યાત્રા ભોગવી. આ વર્ષોમાં બધા મળીને નવ વર્ષ જેલમાં વિતાવ્યા હતાં. જેલ દરમિયાન પણ તેમનું વિરલ વ્યક્તિત્વ જોવા મળ્યું હતું. શાસ્ત્રીજી જેલમાં હતા ત્યારે તેમની દોઢ વર્ષની દીકરી પુષ્પા બિમાર પડી. તે ગંભીર બિમાર હોવાથી જેલનાં અધિકારીઓ શરત સાથે પેરોલ પર છોડવા તૈયાર થયા. શાસ્ત્રીજીએ શરત સાથે જેલ બહાર જવાનું માંડી વાળ્યું. છેવટે શરત વિના તેમને પંદર દિવસ માટે છોડવામાં આવ્યાં. કમનસીબે પુષ્પા બચી ન શકી. તેનું દુઃખદ અવસાન થયું. આથી શાસ્ત્રીજી બે દિવસમાં બધી વિધિ પૂરી કરીને જેલમાં હાજર થઇ ગયાં !

દેશની આઝાદી બાદ તેમણે અનેક જવાબદારીઓનું વહન કર્યું. જવાહરલાલ નહેરૂનાં વડપણ હેઠળ તેમણે રેલ્વેમંત્રી અને ગૃહમંત્રી તરીકે પણ જવાબદારી નિભાવી હતી. તા. ૨૭-૫-૧૯૬૪નાં રોજ જવાહરલાલ નહેરૂનું અવસાન થતાં દેશનાં બીજા વડાપ્રધાન તરીકે તા. ૨-૬-૧૯૬૪નાં રોજ શપથ લીધા. શાસ્ત્રીજીએ અનાજ-સંકટને નિવારવા 'વધુ અનાજ ઉગાડો'ની ઝુંબેશ કરી હતી.

ઇ.સ. ૧૯૬૫માં પાકિસ્તાને કાશ્મીર પર આક્રમણ કર્યું. આ સમયે શાસ્ત્રીજીએ ભારતીય સૈન્યને ખૂબજ ઉત્સાહિત કર્યું. ભારતનાં વીર જવાનોએ ૪૬૫ જેટલી ટેન્કોનો ભુકો ઉડાવી તરખાટ મચાવી દીધો. ૨૦૦ કરતાં વધારે જેટ વિમાનો તોડી પાડ્યાં. ભારતીય લશ્કર લાહોરનાં દરવાજા સુધી પહોંચ્યું અને ખેમકરણમાં પણ અંદરનાં ભાગમાં પેસ્યું. આમ, ભારતનો ભવ્ય વિજય થયો. આ સમયે દુબળા-પાતળા અને નીચા કદનાં પ્રધાનમંત્રીની યોગ્યતાની વિશ્વને જાણ થઇ. પાકિસ્તાન પરનાં આ વિજયથી શાસ્ત્રીજીએ દેશને એક સૂત્રે બાંધ્યો. આ સમયે લોકોને ઉત્સાહિત કરવા તેમણે 'જય જવાન જય કિસાન' નું અદ્ભૂત સૂત્ર આપ્યું હતું. જે આજે પણ ગૂંજી રહ્યું છે.

પાકિસ્તાન સામેના વિજય પછી રશિયાનાં વડાપ્રધાન કોસિગિનની મધ્યસ્થી સ્વીકારી ભારત-પાકિસ્તાન વચ્ચે તા. ૧૦-૧-૧૯૬૬નાં રોજ સંધિ કરારો થયા. પરંતુ એ જ રાત્રે હૃદયરોગના જીવલેણ હુમલાથી તેમનું અવસાન થયું. સમગ્ર રાષ્ટ્ર શોક સાગરમાં ડૂબ્યું. રશિયાનાં વડાપ્રધાન કોસિગિને તથા પાકિસ્તાનનાં વડાપ્રધાન ઐયુબખાને શાસ્ત્રીજીનાં મૃત દેહને કાંધ આપી અને ભારે હૈયે આખરી વિદાય આપી.

મૃત્યુ પર પરમ વિજય મેળવનાર શાસ્ત્રીજીએ વડાપ્રધાનની અઢાર માસની કારર્કિદીને શ્રીમદ્ ભગવદ ગીતાનાં અઢાર અધ્યાય માફક સાર્થક બનાવી!

સ્વતંત્ર ભારતનાં સ્વદેશપ્રેમી, વિનમ્ર, કર્તવ્યનિષ્ઠ અને સાદગીપ્રેમી વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીને કોટી કોટી વંદન!



**રાજેશ ધામેલિયા**
**શિક્ષક, સુરત**

## અખંડ ભારતનાં શીલ્પી



| | | | |
|---|---|---|---|
| નામઃ | વલ્લભભાઇ | જન્મઃ | દેસાઇ વગો – નડિયાદ તા. ૩૧-૧૦ ૧૮૭૫ |
| પિતાઃ | ઝવેરભાઇ | મૃત્યુઃ | બિરલા હાઉસ – મુંબઇ તા.૧૫-૧૨-૧૯૫૦ |
| માતાઃ | લાડબાઇ | મૂળ વતનઃ | તા. કરમસદ આણંદ, ગુજરાત |
| પત્નિઃ | ઝવેરબેન | અભ્યાસઃ | બેરિસ્ટર લંડન |
| પુત્રઃ | ડાહ્યાભાઇ | મૃત્યુ સમયેઃ | ભારતનાં નાયબ વડાપ્રધાન હતાં. |
| પુત્રીઃ | મણીબેન | | |
| ભાઇઓઃ | સોમાભાઇ, નરસિંહભાઇ, વિઠ્ઠલભાઇ, કાશીભાઇ | | |
| બહેનઃ | ડાહીબેન | | |

બારડોલીની લડતમાં કોઇ એક પ્રસંગે કોઇકનાં મોંમાથી વલ્લભભાઇ પટેલ માટે 'ખેડૂતોનાં સરદાર' એવો ઉદ્ગાર નીકળી ગયો હતો. જેમણે આ ઉદ્ગાર સાંભળ્યો તેમણે ઉપાડી લીધો હતો. તેઓ સ્વાભાવિક રીતે ખેડૂતોનાં સરદાર તરીકે ઓળખાવા લાગ્યા હતાં. બારડોલીની સમગ્ર લડતનો દોર વલ્લભભાઇનાં હાથમાં હતો. આ લડતવેળા એકવાર ગાંધીજી આવ્યાં હતાં. ગાંધીજીને ભાષણ કરવાની વિનંતી કરવામાં આવી હતી. પરંતુ તેમણે ના પાડીને કહ્યું હતું કે, અહીંના 'સરદાર' વલ્લભભાઇ છે. એટલે તેઓ એકલા જ ભાષણ કરી શકે. આમ, ગાંધીજીએ વલ્લભભાઇને રીતસરનું 'સરદાર'નું બિરૂદ આપ્યું હતું. પછી તો તેઓ માત્ર ખેડૂતોનાં સરદાર ન રહેતા, સમગ્ર દેશનાં લોક હૈયામાં 'સરદાર'નું માનભર્યું સ્થાન પામ્યા હતાં. વલ્લભભાઇનો જન્મ એમના મોસાળ નડિયાદમાં તા. ૩૧-૧૦-૧૮૭૫નાં રોજ થયો હતો. તેમનું વતન હતું ખેડા જિલ્લાનું કરમસદ ગામ.

આપણી રાષ્ટ્રભાષાનાં કવિ હરિવંશરાય બચ્ચને સરદાર માટે અદ્ભુત કવિતાની રચના કરી છે.

*'હરેક પક્ષકો પટેલ તૌલતા*
*હરેક ભેદકો પટેલ ખોલતા*
*દુહાવા યા છિપાવા સે ઈસે ગરજ,*
*કઠોર નગ્ન સત્ય બોલતા!*
*પટેલ હિંદકી નીડર જબાન હૈ'*

સરદાર જનસમુદાયની નાડના ભારે પારખુ હતાં. લોક સમુદાય પર તેમની જબરદસ્ત પક્કડ હતી, જેને લીધે સંગઠન અને સંચાલનમાં તેમના બુદ્ધિચાતુર્યનાં દર્શન થતાં હતાં. લોકોને થતાં અન્યાય અને દમન સામેની લડતમાં તેઓ હંમેશા અગ્રેસર રહેતા હતાં.

વલ્લભભાઇ સાદગીપ્રિય હતાં. 'સાદુ જીવન અને ઉચ્ચ વિચાર' તેમનો જીવનમંત્ર હતો. જે પોતાની પુત્રી મણિબહેનને પણ તેમણે વારસામાં આપ્યો હતો. ઉત્તરકાળમાં દીકરી મણિબહેને પિતાની ઉલટથી સેવા કરી હતી. મણિબહેનની સાદગી એવી કે, થીગડું મારેલી સાડી પહેરવામાં પણ તેઓ નાનપ અનુભવતા નહોતાં.

અખંડ ભારતનાં આ શિલ્પીનું તા. ૧૫-૧૨-૧૯૫૦નાં રોજ અવસાન થયું. ચરોતરનાં એક નાનકડાં ગામમાં જન્મીને છેક દેશના નાયબ વડાપ્રધાન અને ગૃહમંત્રી તરીકે સેવાઓ આપનાર સરદારને લાખ-લાખ વંદન!



**ધૃવિ એસ.**
વિદ્યાર્થી, રાજકોટ

## ૮, ઓક્ટોબર ભારતીય વાયુસેના દિન

ભારતીય વાયુસેના (ઇન્ડીયન એયરફોર્સ) ભારતીય સશસ્ત્ર સેનાનું એક અંગ છે. જે વાયુયુદ્ધ, વાયુસુરક્ષા અને વાયુચોકસીનું મહત્વપૂર્ણ કામ દેશ માટે કરે છે. ભારતીય વાયુસેનાની સ્થાપના ૮, ઓકટોબર ૧૯૩૨નાં રોજ કરવામાં આવી હતી. આઝાદીની પહેલાં તેને રોયલ ઇંડીયન એરફોર્સના નામથી પણ ઓળખવામાં આવે છે. અને ૧૯૪૫નાં દ્રીતીય વિશ્વયુદ્ધમાં તેને મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી હતી. આઝાદી પછી આમાંથી રોયલ શબ્દ હટાવીને માત્ર 'ઇંડીયન એરફોર્સ' કરવામાં આવ્યું હતું.

આઝાદીની પછીથી જ ભારતીય વાયુસેના પડોશી દેશ પાકિસ્તાનની સાથે ચાર યુદ્ધો અને ચીનની સાથે એક યુદ્ધમાં પોતાનું યોગદાન દઇ ચૂકી છે. અત્યાર સુધી તેને કેટલાય મોટા મિશનોને સાકાર કર્યા છે. જેમાં ઓપરેશન વિજય, ગોવાનું અધિગ્રહણ, ઓપરેશન મેઘદૂત, ઓપરેશન કેકટર અને ઓપરેશન પુમલાઇ વગેરે. આવા અનેક વિવાદોની સાથે ભારતીય વાયુસેના સંયુક્ત રાષ્ટ્રનાં શાંતિ મિશનનું પણ એક સક્રિય ભાગ છે.

ભારતના રાષ્ટ્રપતિ ભારતીય વાયુસેનાનાં કમાંડર ઇન ચીફનાં રૂપમાં કાર્ય કરે છે. વાયુસેના



અધ્યક્ષ, એયર ચીફ માર્શલ, વાયુસેનાનું નેતૃત્વ કરે છે. ભારતીય વાયુસેનામાં કોઇપણ સમયે એકથી વધુ એયર ચીફ માર્શલ સેવામાં ક્યારેય નથી હોતા.

તેનું મુખ્યાલય દિલ્લીમાં સ્થિત છે. અને ૨૦૦૬ નાં આંકડાઓ અનુસાર તેમાં કુલ ૧,૭૦,૦૦૦ જવાન અને ૧૩૪૦ લડાયક વિમાન છે. જે દુનિયાની ચોથી સૌથી મોટી વાયુસેના હોવાનો પુરાવો છે.



**ગોહેલ દેવાંશી એચ.**
વિદ્યાર્થી, રાજકોટ



**વૈધાનિક સુચનાઃ ધી ઓપન પેજ, મંથલી ન્યુઝ પેપરમાં પ્રકાશિત સામગ્રીમાં લેખકોના પોતાના વિચાર છે. સંપાદક તથા પ્રકાશક એ સાથે સહમત હોય તે જરૂરી નથી.**
**ધી ઓપન પેજની સમાચાર સંબંધિત બધા જ વાદ – વિવાદ પ્રકાશન તારીખથી ૩ (ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયક્ષેત્રમાં થઇ શકશે.**

# "દિવાળી" એટલે ભારતીય અને હિન્દુ સંસ્કૃતિની સાથે-સાથે ધાર્મિકતાનો ઉત્સવ

પૃથ્વી પોતાની ધરી પર ફરવાની ક્રિયા સાથે દિન-રાત સર્જાતા રહે છે અને વાર બદલાતા રહે છે. માસ અને વર્ષ પણ બદલાતા રહે છે. એ સાથે પૃથ્વીનાં સૂર્યની આસપાસ ફરવાની પ્રક્રિયાથી ઋતુઓ સર્જાતી રહે છે. આપણે ત્યાં શાલીવાહનની સ્મૃતિમાં 'શક સંવત' વિક્રમની સ્મૃતિમાં 'વિક્રમ સંવત'ની રચના કરવામાં આવેલી છે. એક ધારા જીવાતા જીવનમાં ઉત્સાહ પ્રગટાવવા આર્ષ દૃષ્ટા મહા માનવોએ ઉત્સવોની રચના કરી ચેતનાને જીવંત રાખી છે. જેથી માનવી ઉત્સવ પ્રિય બની, ઉત્સવ માણી જીવંત રહી શકે.



આસોનો છેલ્લો દિવસ એટલે "દિવાળી" આ દિવસ સાથે કેટલીક પૌરાણિક વાતો જોડાયેલી છે. ભગવાન શ્રી કૃષ્ણે ગોવર્ધન પૂજન માટે પ્રજાને પ્રેરણા આપી. એટલે દેવરાજ ઈન્દ્ર કોપાયમાન થયા. મુશળધાર વરસાદ ઝીક્યો. પશુ ધનને પર્વતની ગુફાઓમાં આશરો લીધો. વર્ષા બંધ થઈ એટલે પશુ પાલકો પશુ ધનને શોધવા નીકળ્યાં. પણ વાદળછાયું આકાશ, પ્રકાશ ઓછો થયો, પશુ પાલકો મુઝાંયા. ત્યારે ભગવાન શ્રીકૃષ્ણએ 'મોરાયા' બનાવતા શીખવ્યું અને તેના પ્રકાશમાં પશુ ધન શોધી કાઢ્યું એ આસોની અમાસ 'દિપોત્સવી' તરીકે ઉજવાવા લાગી. એ સાથે જ જૈન દર્શનનાં ચોવીસમાં તીર્થંકર મહાવીર પ્રભુએ આ દિવસે (ઇ.સ. પૂર્વે ૫૨૭) અંતિમ ઉપદેશ આપી નિર્વાણ પામ્યાં. તેમના ઉપદેશનો પ્રકાશ પ્રસરાવવા 'દિપોત્સવ' ઉજવાયો.

'દિવાળી' એટલે ભારતીય અને હિંદુ સંસ્કૃતિની સાથે-સાથે ધાર્મીકતાનો ઉત્સવ. અયોધ્યા નરેશ રાજા દશરથનાં જયેષ્ઠ પુત્ર રામને પિતાની આજ્ઞા અનુસરવા માટે ૧૪ વર્ષ સુધી વનવાસ ભોગવવો પડ્યો. અને ૧૪ વર્ષમાં મર્યાદા પુરૂષોત્તમ શ્રી રામે અનેક સારા- ખરાબ અનુભવોનો સામનો કર્યો. અતિ શક્તિશાળી, જ્ઞાની બુદ્ધિશાળી છતાં ઘમંડી ગણાતા લંકાધિપતિ રાવણનો વધ કર્યો. અને લંકા ઉપર વિજય મેળવી ૧૪ વર્ષનો વનવાસ પૂર્ણ કરી ભગવાન શ્રીરામ પુનઃ અયોધ્યા પધાર્યા એટલે અયોધ્યાની પ્રજાએ શ્રીરામનાં પરત ફરવાની ખુશીમાં ઘરે-ઘરે, ચોરેને ચૌટે દિવડા પ્રજવલીત કર્યાં. અને ઉત્સવ મનાવ્યો. આ પ્રસંગની ખુશીમાં આપણે 'દિવાળી' પર્વ ઉજવીએ છીએ. એવું પણ માનવામાં આવે છે.

વર્તમાન સમયે બાળકોની દૃષ્ટિએ 'દિવાળી' એટલે ફટાકડા ફોડવાનું પર્વ, નવા અને મોંઘા કપડાં પહેરવાનું પર્વ, બહાર હરવા-ફરવાનું પર્વ, ખાણી-પીણીની મોજ માણવાનું પર્વ, રાત્રે ગરબા પાર્ટી કે ડી.જે. પાર્ટીમાં મોજ-મસ્તી કરવાનું પર્વ 'દિવાળી' એટલે શૈક્ષણિક કાર્યથી મુક્તિ મેળવી આનંદ કરવાનું પર્વ વગેરે ..વગેરે..

દિવાળી વેકેશન એવું સાંભળતા જ બાળકો આનંદમાં આવી જાય છે. બજારમાં આવેલા નવા-નવા અને નુકશાન કરે તેવા ફટાકડા લાવવાનું લીસ્ટ મમ્મી-પપ્પાને આપે છે. નવાં અને મોંઘા કપડાં લેવાની હઠ પણ તેઓ વટથી કરે છે. મમ્મી-પપ્પા પણ હરખ પદુડા બની જરૂરિયાત કરતાં વધારે દારૂખાનું તથા કપડાં લાવી આપી પોતાની જાતને ધન્ય માને છે. અને બાળકોને બગાડવામાં મહત્વનો ફાળો ભજવે છે. બહારની બનાવેલી મીઠાઇ, ચવાણું તથા જાત-જાતનાં અને ભાત-ભાતનાં નાસ્તાઓ લાવી. પોતાના અને બાળકોનાં સ્વાસ્થ્યને બગાડવાનું ભગીરથ કામ કરે છે.

વાલીઓ પોતે અને પોતાના પરિવારની સાથે-સાથે દિવાળી પર્વમાં પર્યાવરણને પણ નુકશાન કરે છે. હવા અને અવાજનાં પ્રદૂષણ દ્વારા પશુ-પંખી જેવા અબોલ જીવો, તાજા જન્મેલા બાળકો, અશક્ત વૃદ્ધ વડિલોને પણ હેરાન-પરેશાન કરે છે. અને આડકતરી રીતે પોતાના બાળકોને પ્રોત્સાહન અને પ્રેરણા આપે છે. વાઘ બારસથી શરૂ થઈ ધનતેરસ, કાળીચૌદશ, દિવાળી, બેસતુવર્ષ, ભાઈબીજ, લાભ પાંચમ અને દેવદિવાળી સુધી ચાલતાં આ 'દિવાળી'નાં 'મહાપર્વ'ને આપણે સાચા અર્થમાં સમજ્યા છીએ ખરા..! આપણાં પ્રિય અને લાડકવાયા સંતાનોને સમજાવી શક્યા છીએ ખરાં !!

ધનતેરસએ લક્ષ્મી પૂજનનો દિવસ છે. લક્ષ્મીનું મહત્વ સમજેલા આપણાં પૂર્વજોએ લક્ષ્મીની વૃદ્ધિ માટેનાં પુરૂષાર્થને સમજાવ્યો છે. લક્ષ્મી મેળવવી એ એક વાત છે. તેને સંઘરવી એ બીજી વાત છે. પણ તેનો સદ્ઉપયોગ એ મહત્વની વાત છે. વર્તમાન સમયે ધન તેરસે સુવર્ણ કે રજતરૂપી લક્ષ્મીની પૂજા થાય છે. પણ ખરા અર્થમાં લક્ષ્મી એટલે 'ગૃહલક્ષ્મી' નો આદર થાય છે ખરો ? ખુલ્લી આંખે કાળા કામ કરી પોતાની જાતને મહાન માનનારા સાચા અર્થમાં કાળીચૌદશનું મહત્વ સમજ્યા છે ખરા ? દિવાળીએ અગાઉ વેપારી સરવૈયુ કાઢે, નફા-નુકશાનથી માહિતગાર થાય અને નૂતન વર્ષથી નુકશાન મીટાવી નફો પ્રાપ્ત કરવાનાં પુરૂષાર્થમાં લાગી જાય. પણ આપણે આપણાં જીવનનું સરવૈયુ કાઢ્યું છે ખરૂ ? નવા વર્ષની સુપ્રભાતથી આપણાં ભલા માટે પ્રભુને પ્રાર્થના કરવાવાળા આપણે કોઈ દિવસ આપણાં થકી કેટલા શુભ કાર્યો થયા એનો તાગ મેળવ્યો છે ખરો ? કેટલાને મદદરૂપ બન્યાં ? કેટલાનાં માર્ગમાં કાંટા રૂપ બન્યાં ? કેટલાનાં જીવનમાં દુઃખ પ્રગટાવવામાં નિમિત્ત બન્યાં ? આપણાં બાળક કે પરિવારનાં સભ્યોને સદ્ માર્ગે વાળવા કેટલુ યોગદાન આપ્યું ? આ બધી બાબતોનો વિચાર કર્યો છે ખરો ? ભાઈબીજે બહેનનાં ઘરે જઈએ છીએ તો ખરા પણ બહેનનું દુઃખ, લાગણી, ભાવના કે પરિસ્થિતિને સમજ્યા છીએ ખરા ? લાભ પાંચમથી લાભ મેળવી 'દેવ દિવાળી'ને મોજ-મસ્તીથી ઉજવવાવાળા આપણે કોઈ દિવસ 'દેવત્વ' મેળવવાનો પ્રયત્ન સુદ્ધાં કર્યો છે ખરો ?



**ખોડાભાઈ પટેલ (ધર્મેશ)**
**આચાર્ય, મહેસાણા**

# સંયુક્ત રાષ્ટ્રો (યુ.એન.)૨૪ ઓકટોબર

**સંયુક્ત રાષ્ટ્રસંઘ(યુનો) નો ઉદ્ભવ :**
વિશ્વને યુદ્ધનાં ભયમાંથી મુક્ત કરવા માટે રાજપુરૂષોએ કમર કસી. તે સમયનાં અમેરિકાનાં પ્રમુખ હુઝવેલ્ટનાં પ્રયાસોથી એક વિશ્વ સંસ્થાની યોજના ઘડવામાં આવી. પરિણામે ઇ.સ. ૧૯૪૫નાં ઓકટોબરની ૨૪મી તારીખે વિશ્વશાંતિ અને વિશ્વ પ્રજાનાં કલ્યાણનાં હેતુથી 'સંયુક્ત રાષ્ટ્રસંઘ'ની સ્થાપના થઈ. તેનું અંગ્રેજી ટૂંકું નામ 'યુનો' (UNO)(યુનાઈટેડ નેશન્સ ઓર્ગેનાઈઝેશન) હતું. હવે આ સંસ્થા 'યુનાઈટેડ નેશન્સ' (યુ. એન.)તરીકે ઓળખાય છે.

- યુ.એન. નાં મહામંત્રીની મુદત ૫ વર્ષની હોય છે.
- હાલમાં ૧૯૩ સભ્ય દેશો સભ્યપદ તરીકે છે.
- યુ.એન.ની સત્તાવાર ભાષાઓમાં એરેબિક, ચાઈનીઝ, અંગ્રેજી, ફ્રેન્ચ, રશિયન અને સ્પેનિશ ભાષાઓનો સમાવેશ થાય છે.

**યુ.એન.નાં હેતુઓઃ**
સંયુક્ત રાષ્ટ્રો (યુ.એન.)ની સ્થાપના પાછળનાં હેતુઓ તેના બંધારણમાં સ્પષ્ટ કરવામાં આવ્યાં છે.
૧)આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી જાળવવી.
૨)સભ્ય દેશો વચ્ચે મૈત્રી ભાવના કેળવવી.
૩)આંતરરાષ્ટ્રીય આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને માનવીય પ્રશ્નોનો નીકાલ કરવો.
૪)બધાજ લોકોનાં માનવ હકો અને મૂળભૂત સ્વતંત્રતા પ્રત્યે માનની લાગણી ઉત્પન્ન કરવા સહકાર સાધવો.




**નિસાદ રાગીની,** વિદ્યાર્થી, રાજકોટ

**સંયુક્ત રાષ્ટ્રોનાં અંગોઃ**
૧ સામાન્ય સભાઃ વિશ્વનાં પ્રશ્નો પર ચર્ચા-વિચારણા કરવા માટે સભ્ય રાર્ષ્ટોની બનેલી સભા.
૨ સલામતી સમિતિઃ આંતરરાષ્ટ્રીય સલામતીનું રક્ષણ કરવાની કામગીરી.
૩ આર્થિક અને સામાજિક સમિતિઃ જગતની પ્રજાની આર્થિક અને સામાજિક સ્થિતિ સુધારવાનું કામ.
૪ વાલીપણા સમિતિઃ વિદેશી શાસન હેઠળનાં વિસ્તારોને સ્વાતંત્ર્ય પ્રાપ્ત કરવામાં મદદ કરનાર સમિતિ.
૫ન્યાયની આંતરરાષ્ટ્રીય અદાલતઃ સભ્ય રાષ્ટ્રો વચ્ચેનાં ઝઘડા અથવા વિવાદોનું નિવારણ કરનાર સંસ્થા.
૬સચિવાલયઃ સંયુક્ત રાષ્ટ્રોનાં જુદા-જુદા અંગોએ લીધેલા નિર્ણયનો અમલ કરવાનું કામ.

**સંયુક્ત રાષ્ટ્રોની વિશેષ સંસ્થાઓઃ**
જગતનાં લોકોનાં જીવન ધોરણ ઉંચા આવે, તેમને રોજગારીની તકો પ્રાપ્ત થાય તેમજ લોકોનાં સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક વિકાસ માટે પ્રયાસો કરવા એ સંયુક્ત રાષ્ટ્રોનું મહત્વનું કાર્ય છે. આ ધ્યેયો સિદ્ધ કરવા યુ.એન.નાં નેજા હેઠળ વિશિષ્ટ ક્ષેત્રોમાં કામ કરનારી ખાસ સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી છે.



**કોઠારી જીવી આર.**
વિદ્યાર્થી, રાજકોટ

# ૧ ઓક્ટોબર 'વિશ્વ શાકાહારી' દિવસ



અમારી ભારતીય સંસ્કૃતિમાં હંમેશાથી શાકાહારી તરફ ધ્યાન દેવામાં આવ્યું છે. પરંતુ વૈજ્ઞાનિકો અને શોધકોએ કેટલાય અધ્યયનો પછી શાકાહારીનો ડંકો હવે વિશ્વમાં વાગવા લાગ્યો છે. શરીર પર શાકાહારીનાં સકારાત્મક પરિણામો જોઈને દુનિયામાં લોકોએ માંસાહારીનો કિનારો શરૂ કરી દીધો છે. આજે એટલા જ માટે આખા વિશ્વમાં 'વિશ્વ શાકાહારી' દિવસ ઉજવવામાં આવે છે.

ડો. અમિતે કહ્યું કે આવા ખોરાકમાં પાણીની માત્રા વધારે હોય છે. જેનાથી મોટાપો ઓછો થાય છે. માંસાહારી ખોરાકની તુલનામાં શાકાહારી ખોરાકમાં સંતૃપ્ત વસા અને કોલેસ્ટ્રોલની માત્રા ઓછી હોય છે. જેનાથી આ હૃદય રોગની આશંકા ઓછી કરે છે. આહાર વિશેષજ્ઞ ડો. અંજુમ કૌસરે કહ્યું કે, અનાજ, ફળ અને શાકભાજીમાં રેશા અને એંટીઓકસીટેડ વધારે હોય છે. જે કેંસરને દૂર રાખવામાં મદદ કરે છે. ડો. કૈસરે કહ્યું કે એની પાસે કોઈ એવા દર્દી આવે જેને માંસાહાર છોડી દીધા પછી પોતાનું સ્વાસ્થ્યમાં કેટલાય સકારાત્મક પરિવર્તન જોયા.

ફિઝિશયન ડો. કેદારનાથ શર્માએ કહ્યું કે કેટલાય લોકો માંસને સારા સ્વાદનાં નામ પર તેજ મસાલા નાખીને ઘણીવાર સુધી શેકે છે. આ પ્રક્રિયાથી શેકેલો માંસ ખોરાક પર કાર્ડિયોવેસ્કુલર સિસ્ટમને બહુ નુકશાન પહોંચે છે. આ ખોરાક રક્તષ્પાય વધારવાની સાથે રક્તવાહિની સાથે રક્તવાહિનીમાં જામી જાય છે. જે આગળ જતાં હૃદયની બિમારીને આવકારો આપે છે.



**સોલંકી ક્રિષ્ના**
વિદ્યાર્થી, રાજકોટ



કોઈ પણ વ્યક્તિ તેના કર્મોથી મહાન હોય છે. જન્મથી નહીં **- ચાણક્ય**



# “ભારત રત્ન એ.પી.જે. અબ્દુલ કલામ”

ભારતની આઝાદીનાં ઘેઘૂર વટવૃક્ષને કેટલીય ડાળીઓ છે. એની ડાળીઓ ઉપર ‘ભારત રત્નો’નાં નામ લખાયા છે. આ વટવૃક્ષનાં મૂળ ખૂબજ ઉંડા છે. એનાં મૂળને પોતાના જીવન રસથી સિંચ્યાં છે એવા નરવીર ભારતરત્નોમાં ‘ડો. એ.પી.જે અબ્દુલ કલામ’નું નામ અગ્રસ્થાને છે.

“સમયનું પંખી ઉડતા ઉડતા ટહુકે છે, સદીઓ સુધી” The Open Page નાં વાંચક મિત્રો ‘મિસાઇલ મેન’ ના અબ્દુલ કલામની કલમમાંથી તેમના જીવનનાં અજવાળા પાથરવાનો પ્રયત્ન કરેલ છે.

ઉર્જાસભર અને ઉચ્ચ આધ્યાત્મિક વિચારો આઝાદ ભારતનાં પ્રક્ષેપાસ્ત્રો (મિસાઇલ)નાં સર્જક અને સાચા અર્થમાં ભારતનાં મહાન વૈજ્ઞાનિક અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામનો જન્મ દક્ષિણ ભારતનાં તામિલનાડુ રાજ્યમાં પ્રસિદ્ધ યાત્રાધામ રામેશ્વરમ્ ટાપુ ખાતે ૧૫, ઓકટોબર ૧૯૩૧નાં રોજ થયો હતો. તેમનું પુરૂં નામ અબ્દુર યકીર જૈનુલાબ્દીન અબ્દુલ કલામ છે. પણ વિશ્વમાં તેઓ ડો. એ.પી. જે.અબ્દુલ કલામથી જ પ્રસિદ્ધ છે.

તેમના પિતાનું નામ જૈનુલાબ્દીન હતું. તેમની પાસે કોઇ વ્યવસ્થિત શાળાકીય શિક્ષણ ન હતું, કે ધન પણ ન હતું. સખત પ્રતિકૂળતાઓ વચ્ચે તેઓ જન્મજાત કોઠાસૂઝ અને આગવું ઉદાર ચિત્ત ધરાવતાં હતાં અને જીવનમાં સફળ થયા હતાં. તેઓ પોતાની એક હોડી દ્વારા યાત્રાળુઓને લાવવા અને લઇ જવાનું કામ કરતાં હતાં.

અબ્દુલ કલામનાં માતાશ્રીનું નામ આશિયામ્માં હતું. તેમના પૂર્વજો ગૌરવપ્રદ જીવન જીવ્યા હતાં. ને તેમાનાં એકને તો અંગ્રેજ સરકારે ‘બહાદુર’નો ઇલકાબ આપ્યો હતો.

**ઘડતરમાં માતાનું મહત્વનું પ્રદાનઃ**
અબ્દુલ કલામ પોતાના માતાનું સ્મરણ કરતાં જણાવે છે કે નાનપણની એક ઘટના વાગોળતા કહે છે કે મારા બધા ભાઇ-બહેન સાથે હુ ભોજન કરતો હતો. મારા અમ્મા મને રોટલી આપ્યે જતા હતાં. મેં જમી લીધા પછી મોટા ભાઇએ મને કહ્યું કે ‘કલામ’ તુ જમતી વખતે રોટલી ખાધે રાખંતો હતો, તે બરાબર છે, કે તને ભૂખ લાગી હશે, પણ તને ખબર છે કે અમ્મા પોતાના ભાગની રોટલી તને આપતા હતાં ? અત્યારે એક આર્થિક સમસ્યાનો સમય છે. તને ખબર નથી કે શુ બની રહ્યું છે? તારે એક જવાબદાર પુત્ર બનીને રહેવું જોઇએ. આ સાંભળીને હુ ધ્રુજી ઉઠ્યો, મને ખૂબજ દુઃખ થયુ અને મારૂ મન ભરાઇ આવતાં માતા પાસે દોડી ગયો અને આંખમાંથી આંસુ ટપકવાં લાગ્યાં અને માતૃશ્રીએ માથા અને વાંસા પર પોતાના પ્રેમાળ હાથ પસવારતાં રહ્યાં.

**શિક્ષકે જીવન દિશા ચીંધીઃ**
એક વખત ઐયર સાહેબે Class માં બ્લેક બોર્ડ પર પક્ષી દોર્યું. પછી તે કેવી રીતે ઉડે છે તે પાંખો વડે અદ્ધર થયાં પછી પૂંછડીની મદદથી કેવી રીતે દિશા બદલે છે. તે બધુ ચિત્ર દ્વારા સમજાવ્યું. પરંતુ અબ્દુલ કલામ આ ચિત્ર દ્વારા સમજી શક્યા નહીં, તેથી શિક્ષક ઐયર અને વિદ્યાર્થીઓ સાથે દરિયા કિનારે એકઠા થયાં, સંખ્યાબંધ દરિયાઇ પક્ષી ઉડતાં હતાં તે શિક્ષકે સૌને બતાવ્યાં, ઉડતા પક્ષીની પાંખો અને પૂંછડી તરફ ધ્યાન દેવા કહ્યું અને સમજાવ્યું કે પક્ષી પોતાનાં જીવનમાંથી પોતે જ કાંઇ સમજીને ઉડ્ડયન કરે છે. તેમાંથી પ્રેરણા મેળવે છે પછી દિશાઓ બદલે છે. શિક્ષકે કુદરતનાં ઉદાહરણ દ્વારા વ્યવહારૂ સિદ્ધાંત શિખવાડ્યો તેમનું ચોક્કસ અને ઝીણવટ ભર્યું આયોજન અને પક્ષીનાં ઉડ્ડયનનાં પાઠથી જ કલામમાં એક વિશિષ્ટ જિજ્ઞાસા ઉભી થઇ. અને બાળપણથી જ નક્કી કરી લીધુ કે તેમનો ભવિષ્યનો અભ્યાસ ઉડ્ડયન અને તેની પ્રણાલી વિશેનો હશે. આમ, પરોક્ષ રીતે તેમને શિક્ષક પ્રેરણાસ્ત્રોત કહ્યાં છે.

**પુસ્કત વાંચનનો મહિમાઃ**
રોજ એક કલાક પુસ્તકનાં વાંચન માટે આપો તો થોડા વર્ષોમાં તમે જ્ઞાનકેન્દ્ર બની જશો. આવું માનનારા અબ્દુલ કલામ પુસ્તકને કદી નિષ્ફળ ન જનારા ઉત્તમ મિત્ર સમજે છે.

શ્રી અબ્દુલ કલામ માને છે કે સમગ્ર શિક્ષણ વ્યવસ્થા ક્ષમતાવર્ધક જેવા પાંચ તત્વો ઉપર આધારિત હોવી જોઇએ. આ પાંચ તત્વો ૧. સંશોધનની જીજ્ઞાસા, ૨. સર્જનાત્મકતા, ૩. નવીની કરણ, ૪. ઉચ્ચ



પ્રકારની ટેકનોલોજીનો ઉપયોગ કરવાની ક્ષમતા, ૫. સાહસિકતા અને નિતિમાન નેતૃત્વ. આ બધા કૌશલ્ય પ્રાપ્ત કરવા માટે યોગ્ય સમયે યોગ્ય પુસ્તકોનું વાંચન ખૂબ મહત્વનું છે.

**વિવિધ પ્રક્ષેપાસ્ત્રો વિકસાવ્યાં :**
(મિસાઇલ) પ્રક્ષેપાસ્ત્રોનાં વિકાસની દિશામાં અબ્દુલ કલામ સૌ પહેલા ‘પૃથ્વી’ નામના પ્રક્ષેપાસ્ત્ર માટે કામ કરવાનું શરૂ કરેલું. ફેબ્રુઆરી ૧૯૯૪માં ‘અગ્નિ – ૧’નું પરિક્ષણ કર્યું. પાંચ વર્ષ પછી ૧૯૯૯માં ‘અગ્નિ – ૨’નું ફરીથી પરિક્ષણ કર્યું. તે બે હજાર કિલોમીટરથી વધુ દૂર જઇને વાર કરી શકતું હતું. ‘ત્રિશુળ’ અને ‘આકાશ’ જેવા પ્રક્ષેપાસ્ત્રોનો પૃથ્વીથી આકાશમાં ઉપયોગમાં લેવા માટે તૈયાર કરાયાં હતાં. ‘ત્રિશુળ’ નામનું પ્રક્ષેપાસ્ત્રથોડે દૂર સુધી જઇ શકે છે. પણ તેની વિશેષતા એ છે કે તેની બધીજ ઋતુઓમાં, દિવસ કે રાત્રે ગમે ત્યારે તેને ઉપયોગમાં લઇ શકાય છે. ને તે શત્રુઓનાં પ્રક્ષેપાસ્ત્રને ૯કિ.મી. દૂર હોય ત્યાં જ અવરોધી શકે છે.

**ઉચ્ચ કક્ષાનાં વિવિધ માન-સન્માન મળ્યાં :**

- ૨૬ જાન્યુઆરી ૧૯૮૧નાં રોજ ભારત સરકારે ‘પ્રદ્મભૂષણ’ આપીને સન્માન કર્યું.
- ઓગષ્ટ ૧૯૮૫માં ડો. કલામને અમેરિકાનાં હવાઇદળ તરયફથી ત્યાં જવા માટે નિમંત્રણ મળ્યું.
- ૧૬ સપ્ટેમ્બર૧૯૮૫નાં રોજ હરિકોટાની પરિક્ષણ રેંજ ઉપરથી ‘ત્રિશૂળ’ મિસાઇલ સફળતાપૂર્વક છોડ્યું.
- ૧૯૮૮માં સહારા ખાતેથી ‘પૃથ્વી’ મિસાઇલનું સફળ પરિક્ષણ.
- ૧૦૮૯માં ‘અગ્નિ’નું સફળ પરિક્ષણ થયું.
- ૧૯૯૦ જાન્યુઆરીમાં ‘પદ્મભૂષણ’થી સન્માનિત કરવામાં આવ્યાં.
- જાદવ યુનિવર્સીટીએ I.T.I.મુંબઇએ ડોકટરેટની માનદ્ ડિગ્રી અર્પણ કરી.
- સંરક્ષણ સંશોધનને વિકાસ સંસ્થાના વરિષ્ઠ અધિકારી તરીકે નિયુક્ત સંરક્ષણ પ્રધાનનાં સલાહકાર તરીકે ફરજ બજાવી.
- ૧૯૯૭માં ભારત સરકારે ‘ભારત રત્ન’ નો સર્વોચ્ચ એવોર્ડ આપી સન્માનિત કર્યાં.
- ૧૯૯૯માં નિયુક્તિ કેન્દ્ર સરકારનાં મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર તરીકે.

**ભારતનાં રાષ્ટ્રપતિ બન્યાં :**
૨૦૦૨માં વડાપ્રધાન વાજપેયીની સૂચનથી તેમણે રાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણીનું ઉમેદવારી પત્ર ભર્યું. મોટી બહુમતીથી ચૂંટાઇ આવ્યાં ને વિલક્ષણ વ્યક્તિત્વ ધરાવતા મધ્યમ વર્ગનાં પ્રતિનિધિ એવા લઘુમતી કોમના માનવતા વાદી ડો. એ.પી.જે. અબ્દુલ કલામ ૧૫ જુલાઇ ૨૦૦૨નાં રોજ ભારતીય ગણતંત્રનાં બારમાં રાષ્ટ્રપતિ તરીકે નિયુક્ત થયાં. આ પદ પર રહીને રાષ્ટ્રનાં વિકાસ માટે તેમણે તમામ પ્રયત્નો કર્યાં અને યુવાનોને માર્ગદર્શક સંદેશ આપ્યાં.

નાની સફળતાં ભાવિની મોટી સફળતાની સીડી બનશે – સંદેશ યુવાનોને આપ્યો.

મારા વ્હાલા વિદ્યાર્થી મિત્રો..! તમારે દરેક પોતાની જાતને એક પ્રશ્ન પૂછીને તમારા જીવનનું ધ્યેય ઘડવાનું છે. આ પ્રશ્ન જ તમને યોગ્ય જવાબ અને યોગ્ય દિશા બતાવશે. જેને તમારે સચ્ચાઇપૂર્વક અનુસરવાનું છે. દિશા નક્કી થઇ ગયા પછી વિદ્યાર્થી મિત્રો શક્ય એટલા બધા ક્ષેત્રોનું જ્ઞાન સંપાદિત કરવાનું છે, સખત કામ કરવાનું છે, ને ધ્યેયને નજર સમક્ષ રાખવાનું છે. સમસ્યાઓ થશે, સંઘર્ષ થશે, પણ તમારે તે બધું ક્ષમતાપૂર્વક કરવાનું છે. મળતી દરેક નાની નાની સફળતા તમારા માટે ભવિષ્યમાં મળનારી મોટી સફળતા સુધી પહોંચવાની સીડી બનશે.

અંતે, આભાર ‘The Open Page,’ કારણ ભારત રત્ન અબ્દુલ કલામનાં આર્ટીકલ લખવા માટે મને પ્રેરી. તેને કારણે મેં તેમની ‘Wings of Fire અગનપક્ષી (આત્મકથા) વાંચવાનો અવસર મળ્યો. અને તેની મદદથી આપ સૌ સુધી પહોંચવાની તક મળી.



**સથવારા નિમિષા**
**આચાર્ય, અમદાવાદ**

# વાર્તા બેમાં ત્રીજો ફાવે

એક જંગલ હતું. તે ઘણું વિશાળ હતું. તેમાં એક સસલુ રહેતું હતું. ત્યાં તેને રહેવું ખૂબ ગમે. કારણકે ત્યાં એક નદિ અને ફૂલો ખૂબજ હતાં. તેથી તેને ત્યાં રહેવું ગમે. થોડા દિવસો પછી એક બીજુ સસલુ પણ રહેવા આવ્યું. ત્યાર પછી તે બે સસલાં મિત્ર બની ગયાં. તે બંને ખાય પીવેને મોજ કરે.

જંગલ પાસે એક વાડી હતી તે વાડીમાં ગાજરો હતાં. તે વાડીમાંથી બંને ગાજરો ખાઇ અને નદીમાંથી પાણી પી ને મોજ કરતાં. ત્યાં એક વર્ષ વરસાદ ઓછો થયો એટલે વાડીમાં ગાજર હતાં તે સુકાઇ ગયાં. તે બે સસલાંને ખૂબજ ભૂખ લાગી હતી. તે વાડી પાસે એક ઝુંપડી હતી. તે ઝુંપડીમાં એક ગાજર હતું.

પહેલુ સસલુ હતું તે પેલુ ગાજર લઇ આવ્યું. પછી બંને સસલાં ગાજર માટે લડવા માંડ્યાં. ત્યાં એક ખિસકોલી હતી. તેને પણ ખૂબ ભૂખ લાગી હતી. ખિસકોલીને વિચાર આવ્યો કે હુ આ બે ને મુર્ખ બનાવી આ ગાજર લઇ ખાઇ જાઉં. તે ખિસકોલી તે બે સસલાં પાસે ગઇ અને બોલી સસલાભાઇ, સસલાભાઇ તમે લડો માં.. હુ એક ઉપાય કહુ જેથી તમે નક્કી કરી શકો કે આ ગાજર કોણ ખાય. તેણે કહ્યું જુઓ પેલા મંદિર પાસેથી જે અહિંયા પહેલા આવે તેનું આ ગાજર. તે બે સસલાની રેસ થઇ.

પછી તે બે સસલા દોડવા માંડ્યાં. અને ત્યાં જે ગાજર હતું તેને ખિસકોલી ખાઇ ગઇ. અને તે બે સસલાં ભૂખ્યા રહ્યાં.

**શીખઃ** જુઓ, પેલા બે સસલા ખિસકોલીની વાતમાં આવ્યાં તેથી બંનેને ભૂખ્યા રહેવું પડ્યું.

**બોધઃ** બીજાની વાતોમાં આવી આપણે આપણું સંતુલન ખોવું ન જોઇએ.



DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY
દીપાવલી વેકેશન વર્ગોનું આયોજન
તા. ૩૦-૧૦-૨૦૧૭ થી ૦૩-૧૧-૨૦૧૭ : સમય બપોરે ૦૨.૦૦ થી ૦૬.૦૦
**વૈદિક ગણિત અભ્યાસ વર્ગ**
માત્ર ધો.૮ થી વધુ અભ્યાસ કરેલા વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને નાગરીકો માટે **સહયોગ શુલ્ક રૂા. ૨૫૦/-**
**संस्कृत संभाषण वर्गः**
સંસ્કૃતાનુરાગી ૧૫ વર્ષથી વધુ વયના પ્રત્યેક ઉમેદવારઃ વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને નાગરીકો માટે. **સહયોગ શુલ્ક રૂા. ૨૫૦/-**
**વિશિષ્ટ બાળકોનું શિક્ષણઃ વર્કશોપ**
શિક્ષકો, વાલીઓ અને નાગરીકો માટે વર્કશોપ, **સહયોગ શુલ્ક રૂા. ૩૦૦/-**
**નામ નોંધણી માટે અમારી વેબસાઇટનો સંપર્ક કરવો.**
www.baou.edu.in